જુલાઈ ૨૦૧૨

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# અક્રમ એક્સપ્રેસ

સંપાદકીય

બાળમિત્રો,

અબોલા એટલે આપણા રોજના અનુભવની વાત... આવું તો આપણે બોલતા કે સાંભળતા જ હોઈએ છીએ.

'જા, આજથી હું તારી સાથે નહીં બોલું.'

'હું પણ વાત નહીં કરું. પછી આવતી નહીં મારી પાસે.'

'નહીં આવું હોં...'

'હું બધાને પણ કહી દઈશ કે તારી સાથે વાત ન કરે. પછી જોજે. મઝા આવશે.'

આવા ડાયલોગ આપણી માટે નવા નથી. આપણા પણ મિત્રો સાથે ઝઘડા થતાં જ હોય છે અને એમાં આપણે પણ એકબીજા સાથે બોલવાનું બંધ કરી દેતા હોઈએ છીએ. પણ બોલવાનું બંધ કરી દેવું એ શું સાચો ઉપાય છે ? શું એનાથી ઝઘડાનું નિવારણ આવી જાય છે ?

## અબોલા

ના.

તો શું કરવું ? અબોલા લેવાઈ તો ગયા, પણ હવે શું કરવું, જેથી ઝઘડો પણ મટી જાય અને એકબીજા સાથે ફરી એકતા-અભેદતા સધાય જાય, એની બહુ સુંદર ચાવીઓ પરમ પૂજ્ય દાદાશ્રીની સમજણ થકી આ અંકમાં પ્રાપ્ત થાય છે.

તો ચાલો, આપણે પણ આ ચાવી મેળવીએ અને જ્યારે જ્યારે બીજાં સાથે અબોલા થાય ત્યારે આ ચાવીઓ વાપરીને એમાંથી છૂટી જઈએ.

-ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


દાદાજી કહે છે.... ૧
આ તો નવી જ વાત! ૨
અબોલા ૪
ખરો બુદ્ધિશાળી ૭
ચાલો રમીએ ૧૦
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૨
મીઠી યાદેં ૧૪
નીરુમા સાથે બાળકો ૧૫
મનગમતી વાર્તા ૧૬



તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૧૧
સળંગ અંક : ૪૭



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org



**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે

દાદાશ્રી : મતભેદ કોઈ ફેરો પડે છે ત્યારે શું દવા ચોપડો છો ? દવાની બોટલ રાખો છો ?

પ્રશ્નકર્તા : મતભેદની કોઈ દવા નથી.

દાદાશ્રી : હેં, શું કહો છો ? તો પછી તમે આમ બોલો નહીં, તમારો મિત્ર બોલે નહીં. એમ જ અબોલા થઈને સૂઈ જવાનું ? દવા ચોપડ્યા વગર ? પછી એ ઘા રૂઝાઈ જતો હશે કે ? એના કરતા વેપાર એવો રાખવો કે એ આપણને પ્રેમ કરે ને આપણે એને પ્રેમ કરીએ. ભૂલચૂક તો બધાની થાય જને ! ભૂલચૂક ન થાય ? ભૂલચૂક થાય એમાં મતભેદ કરીને શું કામ છે ? કકળાટ શમે તેવા ઉપાય કરવા જોઈએ. અબોલા થતાં સુધી ન જવું જોઈએ.

પ્રશ્નકર્તા : અબોલા લઈ વાતને ટાળવાથી એનો નિકાલ થઈ શકે ?

દાદાશ્રી : ના થઈ શકે. આપણે તો સામો મળે તો 'કેમ છો ? કેમ નહીં ?' એમ કહેવું. સામો જરા બૂમાબૂમ કરે તો આપણે જરા ધીમે રહીને નિકાલ કરવો. એનો ઉકેલ તો લાવવો જ પડશેને જ્યારે ત્યારે ? અબોલા રાખો તેથી કંઈ ઉકેલ આવી ગયો ? ઉકેલ આવતો નથી એટલે તો અબોલા ઊભા થાય છે.

અબોલા એટલે બોજો, જેનો નિકાલ ના થયો એનો બોજો. પછી સામોય રીસ રાખે. આપણે એને માનથી બોલાવીએ અને એ મોઢું ચઢાવે એટલે આપણે જાણવું કે આપણું આ રિએક્શન છે. એટલે શું કરવું ? પ્રતિક્રમણ કરવા. બીજો ઉપાય નથી જગતમાં. ત્યારે આ જગતના લોકો શું કરે ? એની પર પાછું મોઢું ચઢાવે. એટલે ફરી હતું એવું ને એવું જ ઊભું કરે પછી.

આપણે તો તરત એને ઊભા રાખીને કહીએ, 'ઊભા રહોને, અમારી કંઈ ભૂલ હોય તો મને કહો. મારી બહુ ભૂલો થાય છે. તમે તો બહુ હોશિયાર, ભણેલા, તે તમારી ભૂલ ના થાય પણ હું ભણેલો ઓછો એટલે મારી બહુ ભૂલો થાય.' એમ કહીએ એટલે એ રાજી થઈ જાય. પોતાની ભૂલની કબૂલાત કરી માફી માંગે તો સામો જરૂર વળી જ જાય.



## અબોલા એટલે બોજો

# આ તો



ખરો બુદ્ધિશાળી તો 'એવરીવ્હેર એડજસ્ટેબલ' હોય.
કોઈ ગાળ ભાંડે તેની જોડેય 'એડજસ્ટ' થઈને કહેશે,
'આવો, આવો, બેસોને. કશો વાંધો નહીં.'

# જ




અથડામણ થવાથી રીસ રાખે
અને પછી વેર વાળે.

બુદ્ધિ તો કોનું નામ કહેવાય કે એક મતભેદ ના પડવા દે.
દા.ત. દૂધ ઢોળાઈ ગયું હોય તો કેમ ઢોળાઈ ગયું એવો કકળાટ ન કરે.
તરત કહે, ઢોળાઈ ગયું તેનો વાંધો નહીં, હવે દૂધ લૂછી નાખો
અને બીજું દૂધ લાવીને ચા મૂકો. એમ ધીમે રહીને બોલે.



# નવી વાત!

અબોલાનો સ્વભાવ કેવો ? છ મહિના-બાર મહિના રહે,
પછી એના પર જ બહુ વહાલ આવે. ફરી જ્યારે
બોલવાનું થાયને ત્યારે ભેટે. ભાઈબંધો વચ્ચે એટલી
બધી એકતા આવી જાય કે ન પૂછો વાત !



# અબોલા

ઈશા અને નિશા બન્ને બહેનો. ઈશા મોટી અને નિશા એના કરતા બે વર્ષ નાની હતી. બન્નેને એકબીજા વગર બિલકુલ ચાલતું નહીં. તેઓ સાથે રમતા, સાથે ભણતા, સાથે ખાતા-પીતા અને ગપ્પા પણ મારતા. બન્ને એક બીજાની કંપની ખૂબ પસંદ કરતા.

એમના પપ્પાની ટ્રાન્સફર થતી રહેવાને કારણે, બાળપણથી લઈને હાઈસ્કૂલ સુધી તેઓ જુદા જુદા શહેરોમાં રહેલા. કોઈ પણ એક જગ્યાએ લાંબો સમય ન રહેવાને કારણે તેમને કોઈ બીજી બહેનપણીઓ બનાવવાની તક નહોતી મળી. પણ એમને કોઈ બીજી બહેનપણીઓની જરૂર પણ નહોતી લાગતી, કારણ કે તેઓ એકબીજાને જ પોતાની ખાસ બહેનપણી ગણતા.

દીકરીઓના ભણતરમાં ખલેલ ન પડે તે માટે એમના મમ્મી-પપ્પાએ એક શહેરમાં સ્થાયી થવાનું નક્કી કર્યું.

વર્ષો વીતવા લાગ્યા. ઈશા દસમા અને નિશા આઠમા ધોરણમાં આવી. બન્ને પોતાના રૂટિનમાં એટલા વ્યસ્ત રહેવા લાગ્યા કે એકબીજા માટે બિલકુલ સમય નહોતા આપી શકતા. હવે તો બન્નેને સ્કૂલ અને ટ્યુશન ક્લાસમાં સારી બહેનપણીઓ પણ બની ગઈ હતી. ધીરે ધીરે એમને એકબીજા કરતાં પોતાની બહેનપણીઓ સાથે વધારે ગમવા લાગ્યું. એકબીજા સાથે પૂરતો સમય ન ગાળવાને કારણે, એમની વચ્ચેનું અંતર વધતું ગયું. નાની નાની વાતોમાં એમને મતભેદ અને અથડામણો થવા લાગી.

એક દિવસ એમના મમ્મી-પપ્પામાં વિચારણા ચાલી રહી હતી, કે લેપટોપ ખરીદવું કે સ્કૂટી ?

''લેપટોપ, મારા બધા ફ્રેન્ડસ પાસે લેપટોપ છે. અને સ્કૂલમાં ને ભણવામાં પણ બહુ મદદરૂપ થશે.'' નિશા બોલી ઉઠી.''



''લેપટોપની કંઈ જ જરૂર નથી.'' નિશાની વાત કાપી નાખતા ઈશા બોલી, ''સ્કૂટી પર હું સ્કૂલે જઈશ તો મારો કેટલો સમય બચી જશે !''

આમ બન્ને વચ્ચે ફરી મતભેદ ચાલુ થઈ ગયો. આખરે મમ્મી-પપ્પાએ સ્કૂટી લેવાનો નિર્ણય કર્યો.

''નિશા બેટા, તું કોલેજમાં આવીશ ત્યારે તારા માટે લેપટોપ ખરીદીશું.'' મમ્મીએ નિશાને સમજાવતા કહ્યું. નિશાને ઈશા પર એટલો બધો ગુસ્સો આવ્યો કે એણે ઈશા સાથે વાતચીત કરવાનું બંધ કરી દીધું. લગભગ એક અઠવાડિયા સુધી બન્નેમાં અબોલા ચાલ્યા.

પણ હજુ એક પ્રસંગ પૂરો થયો ન થયો ત્યાં તો બીજો શરૂ થઈ ગયો. બન્યું એવું, કે ઈશાની બોર્ડની પરીક્ષા પૂરી થઈ એટલે એમના પપ્પાએ વેકેશન માણવા ક્યાંક બહારગામ જવાનું નક્કી કર્યું.

''ક્યાં જઈશું વેકેશન પર છોકરીઓ ?'' પપ્પાએ ઉત્સાહથી પૂછ્યું.

''કોઈક હિલ સ્ટેશન પર, પપ્પા.'' વેકેશન પર જવાનું નામ સંભાળતા જ નિશા એકદમ ઉછળી પડી.

''ના પપ્પા, હિલ સ્ટેશન પર નહીં. આપણે રાજસ્થાન જઈએ. કેટલા વર્ષોથી મને રાજસ્થાન જવાની ઈચ્છા છે.'' ઈશાએ કહ્યું.

છેવટે ઈશાની વાત મંજૂર થઈ, રાજસ્થાન જવાનું નક્કી કર્યું. આમ પણ આ વર્ષે ઈશાએ બોર્ડની પરીક્ષા હોવાથી એ બહુ બહાર જતી ન હતી અને એણે મહેનત પણ ખૂબ કરી હતી. એટલે એની મનગમતી જગ્યાએ જવાનું એમને યોગ્ય લાગ્યું.

''નિશા, હિલ સ્ટેશન પર આવતા વર્ષે જઈશું. આ વર્ષે રાજસ્થાન ફરી આવીએ.'' મમ્મીએ નિશાને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ નિશા તો ઈશાથી ખૂબ નારાજ થઈ ગઈ.

''જા, હવે તારી સાથે ક્યારેય વાત નહીં કરું. હંમેશાં પોતાનું જ ધાર્યું કરાવે છે.'' એમ કહી નિશા રડતી રડતી પોતાના રૂમમાં દોડી ગઈ.

રાજસ્થાન પહોંચ્યા પછી પણ નિશા બધી જગ્યાએ મોઢું ચઢાવીને ફરતી હતી. નિશાને મૂડમાં લાવવા એક સાંજે એના પપ્પા એને ઊંટ સવારી કરવા લઈ ગયા. એના મમ્મી અને ઈશાએ ત્યારે માર્કેટમાં શોપિંગ કરવાનો પ્લાન બનાવ્યો. શોપિંગ કરીને હોટલની રૂમમાં પેસવા જતા હતા, ત્યાં તો એના મમ્મીના સેલફોનની રીંગ વાગી.

''હલ્લો,'' મમ્મી ધીમા અવાજે બોલી.

''શું ?'' મમ્મીની કપાળની રેખાઓ એકદમ તંગ થઈ ગઈ અને આંખમાંથી ટપ ટપ આંસુ પડવા લાગ્યા. ઈશાને ખ્યાલ આવી ગયો કે કંઈક અણબનાવ બન્યો છે. મમ્મી ફોન મૂકે એની એ રાહ જોવા લાગી. એક-એક સેકંડ એને ખૂબ લાંબી લાગતી હતી.

''નિશા ઊંટની સવારી પરથી પડી ગઈ છે. એને ખૂબ વાગ્યું છે. પપ્પા એને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા છે.'' મમ્મીએ આંસુ લૂંછતા કહ્યું.

''શું ?'' ઈશાના હૃદયના ધબકારા એકદમ વધી ગયા. હોસ્પિટલ પહોંચતા આખા રસ્તે ઈશાને અનેક જાતના વિચારો આવવા લાગ્યા. ટ્રીપ પર આવતા પહેલા નિશાએ એને

કહેલા શબ્દો એના કાનમાં ગૂંજવા લાગ્યા, ''જા, હવે તારી સાથે ક્યારેય વાત નહીં કરું'' અને આ શબ્દો યાદ આવતા એકદમ એના આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી.

બન્ને હોસ્પિટલ પહોંચ્યા. નિશાને ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવી હતી. ઈશાનું હૃદય ભરાઈ આવ્યું. એને બાળપણથી આજ સુધી નિશા સાથે માણેલી સુંદર પળો યાદ આવવા લાગી. સાથે સાથે એની સાથે કરેલા મતભેદ અને અબોલા પર પણ એને પસ્તાવો થવા લાગ્યો.

થોડી વાર રહીને ડૉક્ટર બહાર આવ્યા. નિશાના પપ્પાના ખભે હાથ મૂકી, એમને સાંત્વન આપતા કહ્યું, ''કંઈ સિરિયસ નથી. જડબામાં ફ્રેક્ચર થયું છે. સરખું થતા ૨-૩ મહિના લાગશે. પણ સાચું કહું તો તમારી દીકરી બચી ગઈ કહેવાય! માથામાં વાગ્યું હોત તો કેસ સિરિયસ થઈ જાત.''

નિશા ભાનમાં આવી ત્યારે એણે જોયું તો ઈશા એનો હાથ પકડીને બેઠી હતી. એ કંઈક બોલવા ગઈ, પણ એનાથી મોઢું જ ના ખૂલ્યું. ઈશારાથી એણે મમ્મી પાસે એક પેન અને પેપર માંગ્યા. કંઈક લખીને એને ઈશાને હાથમાં પેપર આપ્યું. ઈશા વાંચવા લાગી,


'ફ્રેક્ચરનો દુખાવો, અબોલાના બોજા કરતા ઘણો ઓછો છે. દીદી, આ ફ્રેક્ચરના કારણે જ્યાં સુધી ન બોલાય ત્યાં સુધી જ આપણા અબોલા રહેશે, પછી તારી સાથે ક્યારેય અબોલા નહીં લઉં. ચાલને દીદી, આપણે પહેલા જેવા ફ્રેન્ડસ બની જઈએ.'

વાંચીને ઈશાથી ડસકું ભરાઈ ગયું. એણે નિશાનો હાથ પ્રેમથી પંપાળ્યો અને બન્ને એકબીજાની સામે જોઈ આછું હસ્યા.


**દીદી, આ ફ્રેક્ચરના કારણે જ્યાં સુધી ન બોલાય ત્યાં સુધી જ આપણા અબોલા રહેશે, પછી તારી સાથે ક્યારેય અબોલા નહીં લઉં.**



# ખરો બુદ્ધિશાળી



શિયાળો શરૂ થવાની તૈયારીમાં છે. આપણે હવે સાઈબીરિયાથી નળ સરોવર તરફ પ્રયાણ કરવું જોઈએ.
જવાય છે. આટલી બધી ઉતાવળ શું છે ?
શમ્મી
જીમ્મી
જીમ્મી, તને બધી જ વાતોમાં વાંધો ઉઠાવવાની અને આડાઈ કરવાની આદત પડી ગઈ છે. સમયસર અહીંયાથી નહીં નીકળીએ તો ઠંડીમાં ઠરી જઈશું.
તું દોઢ ડહાપણ નહીં કર. તને કોણે આગેવાન બનાવ્યો છે ?
શમ્મી
જીમ્મી
આમ, શમ્મી અને જીમ્મી ફરી ઝઘડી પડ્યા.
બધા હંસોએ મળીને મીટીંગ બોલાવી. મીટીંગમાં બીજા દિવસે જ નળ સરોવર તરફ પ્રયાણ કરવાનું નક્કી થયું. આ નિર્ણય સાંભળીને જીમ્મીએ શમ્મી સાથે વાત કરવાનું બંધ કરી દીધું.
શમ્મી, તને રસ્તો ખ્યાલ છે ?
મનુ
શમ્મી
હા, હું સૌથી આગળ રહીશ. તમે બધા મને અનુસરજો.
હું આની પાછળ નહીં રહું. હું તો મારી જાતે જ પહોંચી જઈશ.
જીમ્મી



બધા હંસોનું ટોળું, વી-રચનામાં ઊડી રહ્યું હતું. જીમ્મી બધાથી દૂર એકલો એકલો ઊડી રહ્યો હતો.
જીમ્મી
થોડી વાર રહીને,
મનુ
જીમ્મી, આમ એકલો એકલો ઉડીશ તો થાકી જઈશ. અબોલા લઈને એકલા એકલા ઊડવામાં કંઈ ફાયદો નથી.અમારી સાથે ઉડીશ તો તને પાવર મળશે.
જીમ્મી
નથી જોઈતો તમારો પાવર.
મનુ
અરે દોસ્ત, હજી તો આપણે કેટલો લાંબો રસ્તો કાપવાનો છે ! અને તું તો અત્યારથી જ હાંફી ગયો છે. તને ખબર છે, તું એકલો ૧૦૦ કી.મી. ઊડી શકું, ત્યારે એ જ સમયમાં વી-રચનામાં આપણે બધા સાતે મળીને ૧૭૧ કી.મી.ઊડી શકીએ. વી-રચનામાં ઊડવાથી આપણી કાર્યક્ષમતા ૭૧ ટકા વધી જાય છે. ચાલને દોસ્ત !
જીમ્મી મોઢું ચઢાવીને વી-રચનામાં જોડાયો. થોડીવાર રહીને, જોરદાર પવન ફૂંકાયો અને મોટું વંટોળ આવ્યું. શમ્મી રસ્તો ભૂલી ગયો. એણે બધાહંસોને જમીન પર ઉતરવાનો ઈશારો કર્યો.
મેં તો પહેલેથી જ કહ્યું હતું કે શમ્મી ખાલી દોઢ ડહાપણ કરે છે. એને કશી ખબર પડતી નથી. રખડાવી માર્યાને આપણને. હવે તમે બધા મારી પાછળ આવો.
જીમ્મી
થોડા હંસ જીમ્મીની વાતમાં આવી ગયા. આમ જીમ્મીએ પોતાની એક જુદી ટોળકી બનાવી.


મનુ
અથડામણ અને મતભેદ કરવાથી આપણે આપણા લક્ષ સુધી ક્યારેય નહીં પહોંચી શકીએ. શમ્મી, આ વાતનો કંઈ ઉકેલ લાવ, નહીં તો આપણે બધા જ અટવાઈ જઈશું.
શમ્મીને મનુની વાત સમજાઈ. જીમ્મી સાથે અથડામણમાં બધાનું નુકસાન હતું.
જીમ્મી, મારી ભૂલ થઈ ગઈ. તું સાચું જ કહેતો હતો કે મારામાં અક્કલ ઓછી છે. દોસ્ત, આપણે બધા સાથે રહીશું તો જ પહોંચી વળીશું. હવે તું આગળ રહેજે અને અમે બધા તને અનુસરીશું.
શમ્મી
ઘણા અંતર સુધી જીમ્મી આગળ ઊડતો રહ્યો. સૌથી આગળ ઊડવાને કારણે એને ખૂબ થાક લાગ્યો.
શમ્મી
જીમ્મી, તું થાકી ગયો લાગે છે. હવે આપણે આ કામ વહેંચી લઈએ. હું આગળ આવી જાઉં છું. તું સૌથી પાછળ જતો રહે જેથી તને આગળના હંસોનો પાવર મળી રહે ને ઉડવામાં ઓછી મહેનત પડે.
આમ કોઈ એક હંસ પર બોજો ના આવે એ રીતે બધા જ હંસે એક પછી એક વારો લઈને સુકાન લીધું અને કામ વહેંચી લીધું. સમયસર બધા નળ સરોવર પહોંચી ગયા.
નળ સરોવર પહોંચ્યા ત્યારે જીમ્મી ખૂબ થાકી ગયો હતો.
જીમ્મી
હવે મને સમજાયું કે બધા હંસોના સાથ અને મદદ વગર હું એકલો કદી અહીં સુધી પહોંચી શક્યો ન હોત. મતભેદ અને અબોલા લેવામાં કંઈ જ ફાયદો નથી. તે બધાને ખરાબ આફતમાંથી બચાવી લીધા.
ખરી વાત છે. ભૂલચૂક તો બધાની થાય પણ ખરો બુદ્ધિશાળી એ જ કહેવાય કે જે કકળાટ ના થવા દે અને આમ ઉકેલ લાવી નાખે.
જીમ્મી
મનુ
શમ્મી

# ચાલો રમીએ...

## ૧ નીચે આપેલા ચિત્રોમાંથી ૧૨ તફાવત શોધો.





## ૨

મિત્રો, અહીં બે ક્રોસવર્ડ આપ્યાં છે. ઉપરના ક્રોસવર્ડના દરેક શબ્દને નીચેના ક્રોસવર્ડના શબ્દો સાથે કોઈને કોઈ રીતે સંબંધ છે. એ શબ્દો જોડીને નીચે આપેલી ખાલી જગ્યા પૂરો. માથું ખંજવાળવા લાગ્યાને ?


| | | | | |
|---|---|---|---|---|
| સત્સંગ | અક્રમ એક્સપ્રેસ | જાત્રા | પોઝિટીવ | મે વેકેશન |
| ભક્તિ | જન્મજયંતિ | બર્થ ડે | નીરુમા | પ્રતિક્રમણ |
| દાદાશ્રી | સીમંધર સીટી | આત્મજ્ઞાન | એડજસ્ટ | અક્રમજ્ઞાન |

| | | | | |
|---|---|---|---|---|
| સમર કેમ્પ | દૃષ્ટિ | જ્ઞાની પુરુષ | જ્ઞાનવિધિ | એવરીવ્હેર |
| જેકપોટ | વિજ્ઞાન | જાદુઈ રબ્બર | ગરબા | બાળવિજ્ઞાન |
| વાત્સલ્ય | અડાલજ | પ્રશ્નોત્તરી | શક્તિ માંગવી | કિડ્સ પાર્ક |

**દા.ત.** સત્સંગ-પ્રશ્નોત્તરી


૧)............................ ૮)............................
૨)............................ ૯)............................
૩)............................ ૧૦)............................
૪)............................ ૧૧)............................
૫)............................ ૧૨)............................
૬)............................ ૧૩)............................
૭)............................ ૧૪)............................

૧) અક્રમ એક્સપ્રેસ-બાળવિજ્ઞાન, ૨) જાત્રા-જેકપોટ, ૩) પોઝિટીવ-દૃષ્ટિ
૪) મે વેકેશન-સમર કેમ્પ, ૫) ભક્તિ-ગરબા, ૬) જન્મજયંતિ-કડ્સ પાર્ક
૭) બર્થ ડે-શક્તિ માંગવી, ૮) નીરુમા-વાત્સલ્ય, ૯) પ્રતિક્રમણ-જાદુઈ રબ્બર
૧૦) દાદાશ્રી-જ્ઞાની પુરુષ, ૧૧)સીમંધર સીટી-અડાલજ, ૧૨) આત્મજ્ઞાન-જ્ઞાનવિધિ
૧૩) એડજસ્ટ-એવરીવ્હેર, ૧૪) અક્રમજ્ઞાન-વિજ્ઞાન




## ૫

બાળકો, અહીં નીચે આપેલા ચિત્રમાં એક વાક્ય છૂપાયેલું છ, તે ફટાફટ શોધી કાઢો...




## ૪

નીચેના ડાબા ખૂણામાં અમુક પર્વતોનું ઉપરથી દેખાતું દશ્ય છે. અન્ય ત્રણ પર્વતોનાં ચિત્રો સામેની બાજુથી દેખાતા દશ્ય છે. એ ત્રણમાંથી કયું દશ્ય ઉપરના ડાબા ખૂણાનાં દશ્યને અનુરૂપ નથી?





## ૩

ખાલી ચોરસ એવી રીતે પૂરો જેથી કરીને દરેક સીધી કતાર, ઉભી કતાર કે ૩ x ૩નો બ્લોકમાં બધાં ૧ થી ૯ના આંકડા હોય. જો તમે બુદ્ધિ વાપરશો તો તમને અટકળ કરવી નહી પડે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | | 1 | | | | 8 |
| 7 | 6 | 2 | 9 | | 4 | | | |
| | 8 | 5 | 3 | 2 | 7 | | 9 | |
| 6 | | | | 4 | | | 1 | |
| 4 | 2 | | | | | | 8 | 7 |
| | 9 | | | 5 | | | | 2 |
| | 7 | | 1 | 9 | 2 | 8 | 3 | |
| | | | 4 | | 3 | 9 | 6 | 5 |
| 9 | | | | 6 | | | 2 | |

## ૬

નીચેનામાંથી બે દીવાસળી ખસેડીને એવી રીતે ગોઠવો કે જેથી સાડા ચાર વાગ્યાનો સમય દેખાડે.




# ઐતીહાસીક ગૌરવગાથાઓ

કૌશાંબી નગરીમાં બ્રાહ્મણ કુળમાં કપિલ મુનિનો જન્મ થયો હતો. તેમના પિતા કાશ્યપ રાજપુરોહિત હતા, તેથી રાજા પાસે અને રાજ્યમાં એમનું ઘણું સન્માન થતું. ઘરેથી રાજ કચેરીમાં જાય ત્યારે એમને ઉત્તમ પ્રકારના ઘોડા પર બેસીને જવાનું રહેતું. કપિલ નાનો હતો ત્યારે તેઓ મૃત્યુ પામ્યા હતા. રાજાએ રાજપુરોહિતની જગ્યા બીજા બ્રાહ્મણને આપી.

એક દિવસ કપિલના ઘર આગળથી નવો રાજ પુરોહિત ઘોડા ઉપર બેસી પસાર થઈ રહ્યો હતો. આ જોઈને કપિલની માતાને જૂના દિવસો યાદ આવ્યા અને વિચારવા લાગી કે એક દિવસ એવો હતો કે મારા પતિ પણ આ પદવી પર હતા અને આવા જ સન્માન સાથે તેઓ પણ ઘોડા પર બેસીને રાજ દરબાર જવા નીકળતા હતા. કપિલ કંઈ ભણ્યો નહીં તેથી આવા દુઃખના દિવસો આવ્યા. આવું વિચારતાં વિચારતાં કપિલની માતાની આંખમાંથી આંસુ પડવા લાગ્યા. કપિલે આ જોયું અને માતાને રડવાનું કારણ પૂછ્યું. ઘણી આનાકાની બાદ માતાએ વાત કરી કે જો તું ભણ્યો હોત તો આ રાજપુરોહિતની પદવી પર તું હોત અને આપણે કેટલા સુખી હોત!

આ સાંભળી કપિલ વિદ્યાભ્યાસ માટે શ્રીવસ્તીનગરીમાં પોતાના પિતાના મિત્ર ઈન્દ્રદત્ત પંડિતને ત્યાં ભણવા ગયો. તેણે ભણવાનું શરૂ કર્યુ. સમય જતાં બીજી એક મોટી જંજાળ ઊભી થઈ. કપિલની રહેવા-જમવાની વ્યવસ્થા ઈન્દ્રદત્તે એક વિધવા બ્રાહ્મણીને ઘેર કરી આપી હતી. ધીમે ધીમે બન્ને વચ્ચે રાગ ઊભો થયો અને તેઓ પરણી ગયા. વિદ્યા મેળવવાનું ભુલાઈ ગયું. સંસાર ઊભો થવાથી આર્થિક જવાબદારી કપિલના માથે આવી પડી. તે કેમ કરીને પૈસા કમાવવા તેની મૂંઝવણમાં પડી ગયો. એક દિવસ એની પત્નીએ કપિલને રસ્તો બતાવ્યો કે, અહીંના રાજાને વહેલી સવારે ઊઠીને જે પહેલા આશીર્વાદ આપે તેને રાજા બે માસા સોનું આપે છે. જો તમે વહેલા જઈ આશીર્વાદ આપો અને બે માસા સોનું લઈ આવો તો આપણા થોડા દિવસોનું ગુજરાન ચાલે.

કપિલ આવું કરવા તૈયાર થયો. પોતાની પહેલા બીજો કોઈ બ્રાહ્મણ આશીર્વાદ આપી આવશે અને હું રહી જઈશ એ ચિંતાથી કપિલને રાતે ઊંઘ જ ના આવી. રાત કેટલી ગઈ છે એ ખબર ન પડવાથી એ અડધી રાત્રે તે દરબારગઢ તરફ દોડ્યો. રસ્તામાં ચોકીયાતે તેને ચોર સમજી પકડી, સવારે સભામાં એને રાજા




સમક્ષ હાજર કર્યો. રાજાએ કપિલને સાચી હકીકત જણાવવા કહ્યું. કપિલ હંમેશા રાજા, ગુરુ, દેવ, માતા-પિતા, મિત્ર અને શેઠની પાસે કોઈ પણ સંજોગોમાં જૂઠું ન બોલવું તેવો નિયમ પાળતો હતો. તેથી તેણે સાચી વાત રાજાને કહી સંભળાવી. રાજા કપિલની વાત સાંભળી ખૂબ ખુશ થયા. એમણે કપિલને જે માંગે તે આપું તેવું વચન આપ્યું અને તે માટે તેને વિચારવાનો સમય આપ્યો.

કપિલ બગીચામાં જઈને રાજા પાસે શું માંગું, કેટલું માંગું તે વિચારવા લાગ્યો. બે માસા (એક માપ)સોનું તો કેટલા દિવસ ચાલે ? એના બદલે પાંચ મહોર માંગું. અરે ! પાંચ મહોરથી કંઈ પુરું નહીં થાય. માટે પચ્ચીસ મહોર માગું. આમ ધીમે ધીમે ૧૦૦, ૫૦૦, ૧૦૦૦, લાખ, કરોડ મહોરમાંથી રાજાનું રાજ્ય માંગી લઉં ત્યાં સુધી એની ઈચ્છા જઈ પહોંચી.

આમ નક્કી કરી જ્યાં એ ઊભો થાય છે ત્યાં જ એને વિચાર આવ્યો કે જે રાજા મને કંઈક આપવા માંગે છે તેનું જ રાજ્ય લેવું તે કેમ શોભે ? અરેરે...આ મેં કેવો વિચાર કર્યો. મારે રાજ્યની કે કરોડ સોનમહોરોની શું જરૂર જ છે ? હું શું કરવા બે માસા સોનું પણ લઉં. હું કેમ સંતોષ નથી માનતો ? ઈચ્છાનો તો અંત જ નથી. તેને થયું કે હું તો વિદ્યાભ્યાસ માટે આવ્યો હતો, તેમાંથી સંસારની માયામાં ફસાઈ ગયો. તેથી ધનની જરૂરિયાત ઊભી થઈને ! માટે જો સંસાર ત્યાગું તો આ જંજાળમાંથી છૂટી શકું. તેને પોતાની ભૂલ પર અત્યંત ખેદ થવા લાગ્યો.

પસ્તાવામાં ને પસ્તાવામાં એનાં આવરણ ખસ્યાં અને કેવળજ્ઞાન પ્રગટ થયું. કપિલ સાધુવેશ ધારણ કરીને રાજકચેરીમાં ગયા. એમને આ વેશમાં જોઈ રાજાએ પૂછ્યું, ''અરે કપિલ ! આ શું વેશ કાઢી આવ્યા ? અને શું માંગવાનો નિશ્ચય કરી આવ્યા ?'' કપિલ મુનિએ રાજાને ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળી રાજા અને કચેરીના ઘણાંએ કપિલ મુનિ પાસે દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું.

જોયું મિત્રો, ઈચ્છાઓનો કોઈ અંત નથી અને સંતોષ જેવું કોઈ સુખ નથી.



# મીઠી યાદેં



નીરુમા સાથે બધી બ્રહ્મચારી બહેનો રહેતી હતી એમાં એક બહેનને રોજ સાંજે ઘરની બધી બારીઓ બંધ કરી દેવાની જવાબદારી સોંપવામાં આવી હતી. રોજ સાંજ પડ્યે એ બધી બારીઓની જાળી અને બારી બંધ કરી દે.

શિયાળાના દિવસો હતા. રોજ એ બહેન બારીઓ બંધ કરે. એમાં ખૂણામાંની એક બારી રોજ બંધ કરવાની રહી જાય. એ બારી એવી રીતે હતી કે જલદીથી કોઈને દેખાય નહીં. તેથી રોજ રહી જતી હતી. એ બારીમાંથી પવન સીધો નીરુમા જ્યાં બેઠાં હોય ત્યાં જતો.

થોડા દિવસોમાં નીરુમાનાં સાંધા જકડાઈ ગયા. એમણે કોઈને કહ્યું નહીં. બીજી વાર જયારે નીરુમા એ જગ્યા પર બેઠા ત્યારે ફક્ત એટલું જ બોલ્યા કે, ''આ બારી ખુલ્લી રહી ગઈ છે, બંધ કરી દો.''

બીજા દિવસથી પેલી બહેન બધી બારી બંધ કરી દે, પછી પૂજ્ય દીપકભાઈ રોજ સાંજે બધું તપાસ કરી જાય કે બધી બારીઓ બરાબર બંધ થઈ ગઈ છે ને ! કોઈ બારી બંધ કરવાની રહી નથી ગઈ ને !

જોયું મિત્રો, આપણાથી બીજાને તકલીફ પડે તો નીરુમા તરત સમજણ પાડતા પણ પોતાને તકલીફ પડે તો એક અક્ષરેય ઉચ્ચારતા નહીં. પોતાની મેળે એડજસ્ટમેન્ટ લઈ લેતા. તેઓ અને દિપકભાઈ અંદર અંદર સમજી લેતા પણ કોઈને કળવા દેતા નહીં.

**અદ્ભુત છે જ્ઞાનીઓના મૌન એડજેસ્ટમેન્ટ !**



# નીરુમા સાથે બાળકો

પ્રશ્નકર્તા : નીરુમા મારી પ્રકૃતિ એ ટાઈપની છેને કે હું બહુ બધાને હેરાન કરું છું. એમાં મારે એવો કોઈ દુઃખી કરવાનો હેતુ ના હોય પણ મારી મસ્તીને લીધે મમ્મી-પપ્પાને એ બધા દુઃખી થાય. એમાંય મારી મસ્તી, વાળ ખેંચવાના, ચોટલા પકડવાના એવી બધી હોય અને પપ્પાને અને બહેનને એ જરાય ગમતું જ નથી. મમ્મી જોડે પણ આવી મસ્તી કરું. મસ્તી કરવાનું મન થઈ જાય એટલે પછી એમાં ઝઘડા થાય છે.

નીરુમા : એક કામ કર. તુ એક મોટી ઢીંગલી રાખને, મોટા વાળવાળી. પછી એના વાળ ખેંચવાના. ઘડીએ ઘડીએ ઢીંગલીના વાળ ખેંચી આવવાનું.

પ્રશ્નકર્તા : એટલે શું કરવાનું ? મારી પ્રકૃતિ કેમ આવી છે કે જેથી બધા મારાથી દુઃખી થાય છે ?

નીરુમા : આ તો ખરાબ આદત કહેવાય. કંટાળો આવે. રોજ રોજ કાંઈ થોડું સારું લાગે ? મમ્મીના, બહેનના બધાના વાળ ખેંચી આવું ?

પ્રશ્નકર્તા : એટલે એમજ મસ્તી. હેરાન કરું બસ એમ.

નીરુમા : તારા કોઈ વાળ ખેંચે, તારી મસ્તી કરે તો તને ફાવે ?

પ્રશ્નકર્તા : ના ફાવે.

નીરુમા : ના ફાવેને ? તો પછી આપણે વિચારવાનું એમની જગ્યાએ હું હોવ તો મને કેવું લાગે ?

પ્રશ્નકર્તા : બધું વિચારું પણ આમકંટ્રોલ જ નથી રહેતો. કંટાળી જાઉં એટલે મસ્તી કરવા ઉપડી જઉં.

નીરુમા : પણ બીજી પ્રવૃત્તિ ખોળી કાઢને. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલ, દાદાની પદની, ભજનની સરસ બધી કેસેટ સાંભળવાનું કર. ચોપડી લઈ જા એ વાંચવાનું કર. પણ આનો તો કંઈ મતલબ જ નહીં ને ! સામાને દુઃખ થાય એવું તો કરાય જ નહીં આપણાથી. ગમે તે થાય પણ આપણાથી કોઈને દુઃખ ના થવું જોઈએ. ઘરનાને કે બહારનાને કોઈને આપણાથી દુઃખ ના થવું જોઈએ. દુઃખ થાય તો આપણે અંદરથી તરત પશ્ચાતાપ કરવાનો, પ્રતિક્રમણ કરવાના. એટલે મમ્મી, બહેનના બધાના પ્રતિક્રમણ કર કે આ ખોટું છે, મારી ભૂલ છે. એવો મનમાં પશ્ચાતાપ કરવા માંડ. તો પછી ઓટોમેટિક છૂટી જશે. મમ્મીની પાસે જઈને માફી માંગવાની.

# મનગમતી વાતો


તને ખબર છે ? નીરુમા રોજ દાદાને જમવાનું પીરસતા.


હું પણ તમને પીરસુ ?
હા.


લો, દીપકભાઈ.
એમ નહીં, થાળીમાં પીરસવાનું.


ઓહ ! લાવો, થાળીમાં પીરસુ.


ક્યાં મૂકુ ?
અહીંયા.


જેમ નીરુમા દાદાને જમવાનું પીરસતા હતા એમ આજે મેં દીપકભાઈને જમવાનું પીરસ્યું. મને બહુ મજા આવી.

# પઝલના જવાબો


૧



૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 9 | 5 | 1 | 6 | 2 | 7 | 8 |
| 7 | 6 | 2 | 9 | 8 | 4 | 1 | 5 | 3 |
| 1 | 8 | 5 | 3 | 2 | 7 | 4 | 9 | 6 |
| 6 | 5 | 7 | 2 | 4 | 8 | 3 | 1 | 9 |
| 4 | 2 | 1 | 6 | 3 | 9 | 5 | 8 | 7 |
| 8 | 9 | 3 | 7 | 5 | 1 | 6 | 4 | 2 |
| 5 | 7 | 6 | 1 | 9 | 2 | 8 | 3 | 4 |
| 2 | 1 | 8 | 4 | 7 | 3 | 9 | 6 | 5 |
| 9 | 3 | 4 | 8 | 6 | 5 | 7 | 2 | 1 |

૬



૪




Abola etle bojo, jeno nikal na thayo eno bojo.

૫

# કિડ્સ કેમ્પની ઝલક



Akram Express

July 2012
Year : 4, Issue : 11
Conti. Issue No.: 47

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# સીમંધર સીટી



# સુરત



<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.